આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખઃ–09-04-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## લોકસભા સામાન્ય ચૂંટણી- SVEEP પ્રવૃતિઓ

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત કચ્છમાં SVEEP હેઠળ સમગ્ર જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ તેમજ કોલેજોમાં સતત વિવિધ મતદાર જાગૃતિની પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ત્યારે કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યા મંદિર, સૂરજ શિક્ષણ ધામ, હરીપર ચુનાવ કા પર્વ દેશ કા ગર્વની થીમ ઉપર આધારીત વિશાળ માનવ સાંકળની રચના બનાવીને મતદાર જાગૃતિનો સંદેશ પાઠવવામાં આવ્યો હતો.

મા.ખા.

---

## હિટવેવની આગાહી

હવામાન વિભાગ દ્વારા એકતરફ સપ્તાહના અંતમાં રાજ્યના કેટલાક વિસ્તારમાં છૂટોછવાયો વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ત્યારે બીજીતરફ આગામી ત્રણ દિવસ માટે કચ્છના કેટલાક ભાગમાં હિટવેવની શક્યતાઓ દર્શાવવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યભરના મહત્તમ તાપમાનમાં વધારો નોંધાયો છે. આગામી 24 કલાક દરમિયાન તાપમાનનો પારો ઉચકાવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. **ગઇકાલે ભુજમાં બે ડિગ્રીના વધારા સાથે મહત્તમ પારો 41.7 ડિગ્રી નોંધાતા લોકો પરસેવાથી રેબઝેબ થયા હતા. એપ્રિલ માસના આરંભે જ મહત્તમ તાપમાન 41.7 ડિગ્રીએ પહોંચતાં ભુજવાસીઓએ વર્તમાન ઉનાળાની સીઝનનો સૌથી ગરમ દિવસ અનુભવ્યો હતો.**

તો આજે ભુજમાં 41.4, કંડલામાં 35.7, નલિયામાં 37.8 મહતમ તાપમાન નોંધાયું હતું.

N.P

---

## પશુ સારસંભાર – પશુપાલન અધિકારી(બાઈટ પશુપાલન અધિકારી)

કચ્છમાં ગરમીનું પ્રમાણ વધ્યું છે. આકરા તાપના કારણે લોકોની સાથે પશુઓને પણ વ્યાપક અસર પહોંચી છે. તીવ્ર ગરમીના કારણે પશુઓમાં દુધ ઉત્પાદનની ક્ષમતા ઘટી જાય છે. ગરમીમાં પશુઓની યોગ્ય કાળજી રાખવામાં આવે તો દુધ ઉત્પાદન ક્ષમતા જળવાઇ રહે છે. આ અંગે જિલ્લા પશુપાલન અધિકારી ડોકટર હરેશ ઠક્કરે આ પ્રમાણે જણાવ્યું હતું.

બાઇટ : હરેશ ઠક્કર

પરેશ મારૂ

---

## રમજાન ઈદ ખરીદી

રમજાન ઈદની ખરીદી માટે તાલુકાના મુખ્ય મથકોની બજારોમાં રોનક જોવા મળી રહી છે. ભુજ, નલિયા, નખત્રાણા, માંડવી, મુન્દ્રા, રાપર, ભચાઉ શહેરોમાં સવારથી જ બજારમાં લોકોની ભીડ જામે છે. ઇદ નિમિત્તે મુસ્લિમ બિરાદરો કપડા, સોના ચાંદીના દાગીના, મીઠાઇ સહિતની વસ્તુઓની ખરીદીમાં લાગી ગયા છે. ગ્રાહકોની ભીડના કારણે મુખ્ય શહેરોની બજારો પણ વહેલી ખુલ્લી જાય છે અને મોડી રાત્રે બંધ થાય છે. ભુજના વિવિધ વિસ્તારમાં આવેલી મસ્જિદો અને ધાર્મિક સ્થળોને રોશનથી શણગારવામાં આવી રહ્યા છે.

પરેશ મારૂ

---

## ઝુલેલાલ ભગવાનની જન્મજયંતિ

**સિંધી સમાજના ઈષ્ટદેવ ઝૂલેલાલ ભગવાનની જન્મજયંતી ચેટીચંડની ગાંધીધામ - આદિપુર સંકુલમાં ઉમંગભેર ઉજવણી કરાશે. જન્મજયંતિ નિમિતે શોભાયાત્રા સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. ઝૂલેલાલ મંદિર ટ્રસ્ટ દ્વારા મંદિરમાં સવારે બહેરાણા સાહેબ, આઠ વાગ્યે આરતી અને છેજનો કાર્યક્રમ યોજાશે. સાંજે શહેરમાં શોભાયાત્રા કાઢવામાં આવશે. તો સાથે સાથે જિલ્લામાં પણ ચેટીચંડની ઉજવણી કરવામાં આવશે. ભુજ, નલિયા, માંડવી, મુન્દ્રા સહિતના શહેરોમાં શોભાયાત્રા, મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવશે.**

**પરેશ મારૂ**

---

## શૌર્ય દિવસ

આજે શૌર્ય દિવસ છે. ત્યારે 60 વર્ષ પૂર્વે કચ્છના રણમાં ભારતના સીઆરપીએફના જવાનોએ અને પાકિસ્તાનની આર્મી વચ્ચે થયેલા યુધ્ધમાં ભારતની જીતની યાદગીરીમાં શૌર્ય દિવસ મનાવવામાં આવે છે.

**N.P**

---

## અંજાર સ્વામીનારાયણ મંદિર મહોત્સવ- વાહન અવર જવર પર જાહેરનામું

અંજારમાં સ્વામીનારયણ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા કથાનું આયોજન રાધે રિસોર્ટ સામે પ્રારંભ થયો છે. મહોત્સવ સ્થળે વાહનોની અવર જવર રહેતી હોય જેથી ભારે વાહનોને 15મી એપ્રિલ સુધી સવારે 7થી રાત્રી 12 આશાબા વે બ્રીજથી ચિત્રકુટ સર્કલથી યોગેશ્વર ચાર રસ્તાથી કળશ સર્કલ સુધીના રસ્તાઓ /માર્ગો પરથી ભારે વાહનોની અવર જવર બંધ રહેવા અંગેનું એક જાહેરનામુ

જાહેર કરાયું છે. આ જાહેરનામા મુજબ ભારે વાહનોએ આગામી 15મી એપ્રિલ સુધી વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા જણાવાયું છે.

મા.ખા

---

RNU BHUJ